# આરટીઓ કર્મી ઘરે આવીને હવે નંબર પ્લેટો લગાવી જશે

## આરટીઓ કર્મચારીને સોસાયટી કે વસાહતમાં બોલાવવા માટે આરટીઓમાં આપવો પડશે લેટર : નવી વ્યવસ્થા

ગાંધીનગર,તા.૨૧

હવે નાગરિકો કે વાહનચાલકોએ તેમના વાહનોમાં હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ લગાવવા માટે આરટીઓની કચેરી સુધી લાંબા નહી થવું પડે. હવેથી આરટીઓના કર્મચારીઓ તમારા ઘરે આંગણે આવીને એચએસઆરપી નંબર પ્લેટ લગાવી જશે. આરટીઓ સોસાયટીઓ, એપાર્ટમેન્ટ્સ, સરકારી વસાહતો કે પછી જાહેરસ્થળોએ કેમ્પો યોજીને આવી નંબર પ્લેટ્સ લગાવી આપશે. હાઈ સિક્યોરિટી નંબર પ્લેટને લઈ સરકાર અને તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય કરી હવે તેની અમલવારી આરટીઓ દ્વારા માન્ય એચએસઆરપી નંબર પ્લેટ તમારા આંગણે કે સોસાયટીએ આવી લગાવી જાય તે પહેલા નાગરિકોએ એક પ્રકિયામાંથી પસાર થવું પડશે. તેના માટે સોસાયટી કે વસાહતના સેક્રેટરીએ એક લેટર આરટીઓને મોકલવો પડશે. ત્યારબાદમાં આરટીઓ કચેરી તરફથી નિયત સોસાયટી કે વસાહતને તારીખ આપવામાં આવશે. નિયત તારીખે જે તે સોસાયટીના વાહનોની જૂની નંબર પ્લેટ બદલીને નવી હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ આરટીઓના કર્મચારીઓ લગાવી આપશે. આરટીઓ ઉપરથી થતી ભીડ અને વાહનના માલિકોનો સમય બચાવવા આવો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે સરકારે જાહેર કરેલા પરિપત્ર પ્રમાણે સોસાયટીઓ સરકારી વસાહતો, એપાર્ટમેન્ટમ્સ અથવા જાહેર સ્થળો પર યોજવામાં આવનાર કેમ્પમાં નવી નંબર પ્લેટ લગાવવા માટે આરટીઓ તરફથી નક્કી કરેલો ચાર્જ જ વસૂલ કરી શકાશે. સુપ્રિમ કોર્ટના આદેશ આપ્યો છે તે પ્રમાણે દરેક વાહનમાં હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ લગાવવી ફરજિયાત છે. આ માટે આરટીઓ અથવા આરટીઓના અધિકૃત ડિલર્સને ત્યાં જઈને વાહનચાલકો પોતાની જૂની પ્લેટને બદલી શકે છે. તંત્રના આ મહત્વના નિર્ણયને પગલે અમદાવાદ શહેર સહિત રાજયભરના નાગરિકો કે વાહનચાલકોને બહુ મોટી રાહત થઈ છે. તંત્રના આ નવતર અને હકારાત્મક અભિગમને પગલે સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર એચએસઆરપી લગાવવાની કામગીરી પણ ઝડપથી અને અસરકારક રીતે હવે પૂર્ણ થઈ શકશે તેવી આશા બંધાઈ છે.

# કમાન્ડ વિસ્તારમાં ૧૯૯૨૦ ક્યુસેક પાણી રોજ છોડાયું છે

ગાંધીનગર,તા.૨૧

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે. કે, ખેડુતોના હિતને વરેલી રાજ્ય સરકારે રવિ સિઝન અંતર્ગત ખેડુતોને સિંચાઈ માટે પાણી આપવાની રાજ્ય સરકારે જાહેરાત કરી હતી. તે મુજબ ૧૨ નવેમ્બર થી દૈનિક ૧૯૯૨૦ ક્યુસેક પાણી મુખ્ય નહેર મારફત તમામ ૩૯ શાખાઓમાં છોડવામાં આવી રહ્યુ છે. પટેલે ઉમેર્યુ કે ચાલુ સાલે સરદાર સરોવર યોજનાના કમાન્ડ વિસ્તારની તમામ શાખા નહેરોમાં રવિ સિંચાઈ માટે પાણી આપવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું હતું તે મુજબ પાણી આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે. હાલમાં ડેમમાંથી મુખ્ય નહેર મારફતે ૧૯૯૨૦ કયુસેકસ પાણી યોજનાની તમામ ૩૯ શાખા નહેરોમાં સિંચાઈ માટે છોડવામાં આવી રહ્યુ છે. જે છેવાડા વિસ્તાર સુધી પંહોચી ગયુ છે. બાકી રહેતી ૧૦૦ કિ.મી.કરતાં વધુ લંબાઈ ધરાવતી ૬ શાખા નહેરોમાં પણ સત્વરે પાણી પહોંચાડવાના પૂરતા પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, હક્ક ધરાવતા ખેડૂતોને સમયસર પાણી આપી શકાય તે માટે શાખા નહેરો અને વિશાખા નહેરોમાં ગેરકાયદેસર/બિનઅધિકૃત રીતે પાણી લેતા વ્યકિતઓ વિરૂદ્ધ કડકાઈથી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને નહેર, દરવાજા જેવી સરકારી મિલકતને નુકસાન પહોંચાડી ગેરકાયદેસર રીતે પાણી લેતા વ્યક્તિઓ વિરૂદ્ધ ૩૭ જગ્યા પર પોલીસ ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે.



ધાંગ્રધા શાખા નહેરમાં મોરબી જિલ્લાના હળવદ તાલુકાના વેગડવાવ ગામે સાયફોન પાસેથી બિનઅધિકૃત પાણી લઈ ખારી નદીમાં પાણી વહેવડાવી પાણીનો બગાડ કરતા વ્યક્તિઓ વિરૂદ્ધ પણ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# રો-રો ફેરીનું જહાજ મધદરિયામાં ફસાયું

## આખરે બે ટગ બોટની મદદ લઇ રેસ્ક્યુ ઓપરેશન કરીને મધદરિયેથી જહાજને ઘોઘા બંદર સુધી લાવવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૧

તાજેતરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે રો રો ફેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દહેજ-ઘોઘા વચ્ચે રો-રો ફેરી સર્વિસ કરતાં આ જહાજમાં આજે અચાનક મધદરિયે કોઈક કારણસર કોઈ ટેકનિકલ ખામી સર્જાતા આખુ મધદરિયે અટવાયું હતું. જેને લઈને જહાજમાં સવાર ૪૫૦થી વધુ મુસાફરો સહિત અનેક વાહનો પણ ઘોઘાથી ૩ નોટિકલ માઈલ દૂર ફસાયા હતા અને સૌ મુસાફરોના જીવ જાણે તાળવે ચોંટયા હતા. ઘટનાની જાણ થતાં અધિકારીઓ દ્વારા બે ટગ બોટની મદદથી રેસ્ક્યુ ઓપરેશન કરી આ જહાજને ઘોઘા બંદર સુધી લાવવામાં આવ્યું હતું અને ટેકનીકલ ખામી નિવારવાના પ્રયાસો યુધ્ધના ધોરણે હાથ ધરાયા હતા. બીજીબાજુ, તમામ મુસાફરો સહીસલામત હોવાના કારણે તંત્રએ પણ રાહતનો દમ લીધો હતો. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર રો રો ફેરીનું જહાજ ઘોઘાથી ૧૦ કિલોમીટર દૂર સમુદ્રમાં અટકી પડ્યુ હતું. અચાનક જહાજના બે પૈકી એક એન્જીન બંધ પડતા આ મુશ્કેલી થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે, બાદમાં બે ટગ બોટ દ્વારા જહાજને ખેંચીને ઘોઘા બંદરે લાવવામાં આવ્યું છે અને એક ટગ બોટને સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. જહાજમાં સવાર ૪૭૬ મુસાફરો અને ૮૦ વાહનો સુરક્ષિત હોવાનું સામે આવતાં તંત્ર અને મુસાફરોના પરિવારજનોએ પણ રાહતનો દમ ખેંચ્યો હતો. બીજીબાજુ, બોર્ડ દ્વારા એન્જીન બંધ થવાના કારણો અંગે તપાસ પણ શરૂ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને જોડતી ઘોઘા દહેજ વચ્ચેની રો-રો ફેરી સર્વિસ ગત તા. ૨૨ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે શરૂ કરાયેલી આ સર્વિસ માત્ર એક મહિનામાં જ ફરી વિવાદમાં ફસાઈ છે. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દહેજ-ઘોઘા વચ્ચે પેસેન્જર રો-રો ફેરી સર્વિસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પેસેન્જર સહીત વાહનો અને માલવાહક વાહનો સાથે નવા શીપમાં આ સર્વિસ શરૂ કરવામાં આવી છે.

# ખેડૂતોની પાસે ૧,૪૮,૬૫૧ ક્વિન્ટલ મગફળીની ખરીદી

## ૨૨મી નવેમ્બરથી ક્રમાનુસાર વધુમાં વધુ ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરવામાં આવશે : સરકારની જાહેરાત

ગાંધીનગર,તા.૨૧

રાજ્ય સરકારે ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો ખેડૂત કલ્યાણલક્ષી નિર્ણય લીધો છે અને તારીખ ૧૫ થી ૨૧ નવેમ્બર સુધીમાં રાજ્યભરમાં ૭,૪૨૭ ખેડૂતો પાસેથી રૂ.૭,૪૩૨ લાખની ૧,૪૮,૬૫૧ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના નાયબ જિલ્લા મેનેજરના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા ખરીફ સીઝન ૨૦૧૮-૧૯ માટે લઘુતમ ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે તા.૧૫/૧૧/૨૦૧૮થી ખરીદી શરૂ કરાઈ છે.

મગફળીના ખરીદ કેન્દ્ર તરીકે જાહેર કરાયેલા રાજ્યભરના કુલ ૧૨૨ એપીએમસી સેન્ટર ખાતે સંબંધિત જિલ્લા કલેકટર દ્વારા તા. ૧લી નવેમ્બર-૨૦૧૮થી ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી ખરીદવા માટે ખેડૂતોની નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ નોંધણીના ક્રમાનુસાર સરકારના નિયમ મુજબ રોજની ૨,૫૦૦ કિ.ગ્રા.ની મર્યાદામાં મગફળી લાવવા ખેડૂતોને એસએમએસથી જાણ કરવામાં આવી હતી. જેના કારણે જે તે વિસ્તારના ખેડૂતો જે તે વિસ્તારના એપીએમસી સેન્ટર ખાતે મગફળી વેચાણ માટે પહોંચ્યા હતા.

આ પ્રક્રિયા અંતર્ગત તારીખ ૧૫/૧૧/૨૦૧૮ થી તા.૨૧/૧૧/૨૦૧૮ સુધીમાં રાજ્ય સરકારે નક્કી કરેલા લઘુતમ ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૫,૦૦૦ મુજબ રાજ્યભરના ૭,૪૨૭ ખેડૂતો પાસેથી કુલ ૭,૪૩૨ લાખની કુલ ૧,૪૮,૬૫૧.૯૨ ક્વિન્ટલ મગફળી ખરીદવામાં આવી હતી. યાદીમાં જણાવ્યા મુજબ ખરીદ કેન્દ્રો ખાતે પૂરતી સંખ્યામાં બારદાન, વજનકાંટા તથા ખરીદી પ્રક્રિયા માટે પૂરતો સ્ટાફ ઉપલબ્ધ છે અને તા.૨૨/૧૧/૨૦૧૮થી ક્રમાનુસાર વધુમાં વધુ સંખ્યામાં ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરવામાં આવશે.

નૂતન વર્ષાભિનંદન
શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ
મેઘરજ
વાત્રક નદીના કિનારે, મેઘરજ
● પ્રસુતિ અને સ્ત્રી રોગ વિભાગ ●
● નવજાત શિશુ અને બાળ રોગ નિષ્ણાત ●
● શારીરિક અને હૃદય રોગ વિભાગ ●
● સર્જીકલ વિભાગ ●
● દંત વિભાગ ●
● ઓર્થોપેડીક વિભાગ ●
● આંખ વિભાગ ●

નૂતન વર્ષાભિનંદન
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ
મેઘરજ, જિ. અરવલ્લી
શ્રી દિલીપ એન. ચૌહાણ – સેક્રેટરી
શ્રી જતીનકુમાર જી. પંડ્યા – વા. ચેરમેન
શ્રી હીરાજી વાલાજી ડામોર – ચેરમેન
તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
શ્રી ઈશ્વરભાઈ આર. કટારા
શ્રી ડાહ્યાભાઈ એસ. પટેલ
મણીબેન આર. પટેલ
શ્રી ભાનુપ્રતાપસિંહ ડી. જાડેજા
શ્રી બલવંતસિંહ ડી. રાઠોડ
શ્રી મોતીભાઈ કે. પટેલ
શ્રી અજીતકુમાર એન. ગોર
શ્રી સુરેશચંદ્ર કે. કાવઠિયા
શ્રી મહમદહુસેન જી. મેઘરજીયા
શ્રી ગુલામહુસેન એ. બાકરોલીયા
શ્રી ભિખાભાઈ ડી. ડામોર
શ્રી દેવાભાઈ બી. વણજારા
શ્રી સહકારી અધિકારી
(બજાર-લગત જિ.ર.સ.મં. મોડાસા)
શ્રી વિસ્તરણ અધિકારી
(ખેતી-લગત તા.પંચાયત મેઘરજ)

